| Received on | 10-01-2025 | | |
|---|---|---|---|
| Registered on | 10-01-2025 | | |
| Decided on | 27-05-2026 | | |
| Duration | Yr. | Mo. | Ds. |
| | 01 | 04 | 17 |

## કઠલાલના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં.
## કઠલાલ પો.સ્ટે પાર્ટ–સી ગુ.ર.નં.૧૧૨૦૪૦૨૭૨૩૦૬૦૫/૨૦૨૩

**ફોજદારી કેસ નં. ૨૫/૨૦૨૫**

**આંકઃ**

**શ્રી સરકાર .........ફરીયાદી**

**વિરૂધ્ધ**

**૧. પ્રવિણકુમાર ઉર્ફે શૈલેશ બાબુભાઈ પરમાર**
**રહે.નાની શાહપુર વાડીયા સીમ વિસ્તાર,**
**તા.કઠલાલ, જી.ખેડા.**

**૨. અજયકુમાર ઉર્ફે ગોગો દિનેશભાઈ ભોઈ**
**રહે.કઠલાલ બોરડી વિસ્તાર,**
**તા.કઠલાલ, જી.ખેડા. ......આરોપી**

| | |
|---|---|
| ગુન્હોઃ– | પ્રોહી એકટની કલમ–૬૫ઈ, ૮૧ મુજબ |

| | |
|---|---|
| શ્રી સરકાર તર્ફે | વિ.એ.પી.પી.શ્રી ડી. બી. ચૌહાણ |
| આરોપી નં.૧ તર્ફે | વિ.વ. શ્રી આર. આર. પરમાર |
| આરોપી નં.૨ તર્ફે | વિ.વ. શ્રી પી. બી. ખત્રી |

-

## ફોજદારી મેન્યુઅલના નિયમ–૧૭૯ (એ) મુજબ નમુના–બી નું પત્રક

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૦૪–૧૨–૨૦૨૩ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૪–૧૨–૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૧૦–૦૧–૨૦૨૫ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | ૦૮–૧૨–૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૧૭–૦૧–૨૦૨૬ |
| કઈ તારીખે કામ ઠરાવ પર રાખ્યું | ૨૬–૦૫–૨૦૨૬ |
| ઠરાવની તારીખ | ૨૬–૦૫–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | નીલ |

**આરોપીની વિગત દર્શાવતું પત્રક**

| આરોપીનો ચાર્જશીટ મુજબ નંબર | આરોપીનું નામ | આરોપીઓ અટક કર્યાની તારીખ | આરોપીઓ જામીન મુક્ત કર્યાની તારીખ | કયા ગુન્હાનું તહોમત છે | છોડી મુક્યા કે સજા ફરમાવી | ફરમાવવામાં આવેલ સજા | સી.આર.પી.સી કલમ–૪૮૨ના હેતુ માટે, ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કેટલા સમયગાળા માટે અટક હતા |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | પ્રવિણકુમાર ઉર્ફે શૈલેષ બાબુભાઈ પરમાર | ૦૫–૧૨–૨૦૨૩ | ૦૫–૧૨–૨૦૨૩ | પ્રોહી એકટ કલમ–૬૫ઈ, ૮૧ | છોડી મુક્યા | નીલ | નીલ |
| (૨) | અજયકુમાર ઉર્ફે ગોગો દિનેશભાઈ ભોઈ | ૦૫–૦૧–૨૦૨૪ | ૦૫–૦૧–૨૦૨૪ | " | " | " | " |

## <u>ઠરાવ</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, કોલમ નં.૧માં જણાવેલ આરોપી નં.૧ આરોપી નં.૨નાઓ પાસેથી ગઈ તા.૦૪–૧૨–૨૦૨૩ના કલાક ૧૩/૦૦ વાગ્યાના સુમારે મોજે શાહપુર વાડીયા સીમ વિસ્તારમાં આરોપી નં.૧નાઓના ઘરના પાછળના ભાગે Officers Choice Classic Whisky 180 ML કવાર્ટર એક બોકસમાં ૪૮ નંગ લેખે ત્રણ પુઠાના બોકસમાના કુલ્લે ૧૪૪ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂા.૧૦૦/– ગણી કુલ ૧૪૪ કવાર્ટર નંગની કુલ્લે કિમત રૂા.૧૪,૪૦૦/– તથા Kingfisher Super Strong Premium BEER 500 ML ના કુલ ૪૮ ટીન જે એક નંગની કિંમત રૂા.૧૦૦/– ગણી કુલ નંગ–૪૮ નંગની ટીનની કુલ્લે કિંમત રૂા.૪૮૦૦/– તથા Magic Moments Orange FLAVOURED Superior Vodka 750 ML ના ૧૨ નંગ જે એક બોટલ નંગની કિંમત રૂા.૫૦૦/– ગણી કુલ બોટલ નંગ–૧૨ નંગની કુલ્લે કિંમત રૂા.૬૦૦૦/– તથા Green Lable the rich blend Whisky 180 ML

કવાર્ટરના કુલ ૪૮ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂા.૧૦૦/– ગણી કુલ ૪૮ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂા.૪૮૦૦/– મળી કુલ્લે કિંમત રૂા.૩૦,૦૦૦/– નો પ્રોહી મુદ્ધામાલ તેમજ એક મોબાઈલ કિંમત રૂા.૫૦૦૦/– મળી કુલ્લે કિંમત રૂા.૩૫૦૦૦/– નો મુદ્ધામાલ સંતાડી રાખી આરોપી નં.૧ સ્થળ ઉપરથી મળી આવી તથા આરોપી નં.૨નાઓ નહિં મળી આવી તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરી પ્રોહી એકટની કલમ–૬૫ઈ, ૮૧ મુજબ ફરીયાદ દાખલ કરવામાં આવતા કઠલાલ પોસ્ટે પાર્ટ–સી ગુ.ર.નં.૧૧૨૦૪૦૨૭૨૩૦૬૦૫/૨૦૨૩ થી ગુનો રજીસ્ટરે લઈ તપાસ કરનાર અમલદારે આરોપીઓને અટક કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામદાર અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ જેને ફોજદારી કેસ નં.૨૫/૨૦૨૫ આપવામાં આવેલ છે.

**(૨)** આરોપીઓ સામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ કરવામાં આવેલ, જે અનુસંધાને આરોપીઓ કોર્ટમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૦(૧) પ્રમાણે આરોપીઓ ઉપર આંક–૧૨ થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી આંક–૧૩ અને આંક–૧૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જેમાં આરોપીઓએ ગુનો કબૂલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

ત્યારબાદ ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ નં. | આંક | સાક્ષી | નામ |
|---|---|---|---|
| ૧ | ૧૫ | ફરીયાદી | અપોકો સકીલઅહેમદ જૈનુદ્દીન સૈયદ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૧૮ | પંચ | રણજીતભાઈ ભીખાભાઈ બારૈયા |
| ૩ | ૨૦ | પંચ | રણજીતભાઈ બાબુભાઈ વાંસફોડા |
| ૪ | ૨૪ | ત.ક.અમલદાર | અહેડકો દિલીપસિંહ મહોતસિંહ |

## <u>દસ્તાવેજી પુરાવો</u>

| <u>ક્રમ નં.</u> | <u>આંક</u> | <u>દસ્તાવેજી પુરાવાનું વર્ણન</u> |
|---|---|---|
| ૧ | ૧૬ | ફરીયાદ |
| ૨ | ૧૯ | રેઈડનું પંચનામું |
| ૩ | ૨૫ | એફ.એસ.એલ. રીપોર્ટ |
| ૪ | ૨૬ | લાઈટબીલ |

**(૩)** ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થતા, આ કામે આરોપી નં.૧નું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, "અમોએ આવો કોઈ ગુન્હો કરેલ નથી. અમો નિર્દોષ છીએ." જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી, બચાવના સાહેદો તપાસેલ નથી, સોગંદ ઉપર જુબાની આપેલ નથી અને તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૪)** ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી તથા બચાવપક્ષે વિ.વ.શ્રીની વિગતવાર દલીલો સાંભળવામાં આવી.

**(૫)** પક્ષકારોની દલીલો તથા રજુ થયેલ પુરાવાઓ તથા રેકર્ડ જોતા, આ કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## <u>મુદ્દાઓ</u>

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, કોલમ નં.૧માં જણાવેલ આરોપી નં.૧ આરોપી નં.૨નાઓ પાસેથી ગઈ તા.૦૪–૧૨–૨૦૨૩ના કલાક ૧૩/૦૦ વાગ્યાના સુમારે મોજે શાહપુર વાડીયા સીમ

વિસ્તારમાં આરોપી નં.૧નાઓના ઘરના પાછળના ભાગે Officers Choice Classic Whisky 180 ML કવાર્ટર એક બોકસમાં ૪૮ નંગ લેખે ત્રણ પુઠાના બોકસમાના કુલ્લે ૧૪૪ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂ.૧૦૦/- ગણી કુલ ૧૪૪ કવાર્ટર નંગની કુલ્લે કિમત રૂ.૧૪,૪૦૦/- તથા Kingfisher Super Strong Premium BEER 500 ML ના કુલ ૪૮ ટીન જે એક નંગની કિંમત રૂ.૧૦૦/- ગણી કુલ નંગ-૪૮ નંગની ટીનની કુલ્લે કિંમત રૂ.૪૮૦૦/- તથા Magic Moments Orange FLAVOURED Superior Vodka 750 ML ના ૧૨ નંગ જે એક બોટલ નંગની કિંમત રૂ.૫૦૦/- ગણી કુલ બોટલ નંગ-૧૨ નંગની કુલ્લે કિંમત રૂ.૬૦૦૦/- તથા Green Lable the rich blend Whisky 180 ML કવાર્ટરના કુલ ૪૮ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂ.૧૦૦/- ગણી કુલ ૪૮ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂ.૪૮૦૦/- મળી કુલ્લે કિંમત રૂ.૩૦,૦૦૦/- નો પ્રોહી મુદ્દામાલ તેમજ એક મોબાઈલ કિંમત રૂ.૫૦૦૦/- મળી કુલ્લે કિંમત રૂ.૩૫૦૦૦/- નો મુદ્દામાલ સંતાડી રાખી આરોપી નં.૧ સ્થળ ઉપરથી મળી આવી તથા આરોપી નં.૨નાઓ નહિં મળી આવી તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરી પ્રોહી એકટની કલમ-૬૫ઈ, ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે:-

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

**કારણો**

**મુદ્દા નં.૧ તથા ૨ અંગેઃ-**

**(૭)** આ કામના આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિદ્ધાંત એ છે કે, આરોપી સામેનો ગુનો ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવો જોઈએ અને જયાં સુધી ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર સાબિત ન કરે, ત્યાં સુધી

આરોપી નિર્દોષ છે, તેવું અનુમાન કોર્ટે કરવું જોઈએ. ઉપરોકત સિદ્ધાંત ધ્યાને લેતા, આ કામે જયારે, આરોપી સામે ધી બોમ્બે પ્રોહી એકટની કલમ–૬૫(ઈ), ૮૧ મુજબના ગુનાનું તહોમત છે, ત્યારે આ તહોમત સાબિત કરવા માટે ફરીયાદપક્ષે એ હકીકત પુરવાર કરવી પડે કે, આ કામના આરોપીએ પ્રોહીબીશન એકટની જોગવાઈઓનો ભંગ કરી, ગેરકાયદેસર રીતે કેફી પદાર્થનો આયાત અથવા નિકાસ અને વેચાણ કરેલ છે અને ગેરકાયદેસર રીતે કેફી પદાર્થ પોતાના કબ્જામાં છે.

**(૭.૧)** ઉપરોકત ધી બોમ્બે પ્રોહી એકટની કલમો અંગેના ગુનાના તત્વો તથા ફોજદારી ન્યાયશાસ્ત્રનો સિદ્ધાંત ધ્યાને લઈ, આ કામે ફરીયાદપક્ષ દ્ધારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષે તેનો કેસ સિબાત કરવા ફરીયાદપક્ષે પંચ રણજીતકુમાર ભીખાભાઈ બારૈયા આંક–૧૮ થી અને અન્ય પંચ રણજીતભાઈ બાબુભાઈ વાંસફોડાને આંક–૨૦ થી સોગંદ ઉપર તપાસેલા, જેમાં તેઓ આંક–૧૯ થી રજુ થયેલ પંચનામામાં તેઓની સહીઓ ઓળખી બતાવે છે, તે સિવાય પંચનામાની કોઈ હકીકત જણાવતા ન હોઈ એપીપીશ્રીની મૌખિક વિનંતીથી બન્ને પંચોને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર કરવામાં આવેલી ઉલટતપાસ કરવા છતાં પણ તેઓ પંચનામાને લેશમાત્ર સમર્થન કરતા નથી.

બચાવપક્ષે બન્ને પંચો તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે તૈયાર પંચનામું કરેલ અને તેમાં તેઓની સહી લીધેલી.

**(૭.૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે ફરીયાદી અપોકો સકીલઅહેમદ જૈનુદ્દીન સૈયદને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તા.૦૪–૧૨–૨૦૨૩ના રોજ તેઓ અપોકો તરીકે કઠલાલ પોલીસ સ્ટેશનમાં તેઓની ફરજ ઉપર હાજર હતા. તે વખતે તેઓ તથા અ.હેડ.કો દિલીપસિંહ મહોતસિંહ બ.નં.૧૦૪૬ તથા અ.પો.કો. અલ્પેશભાઈ સોમાભાઈ બ.નં.૧૧૨૮ તથા અ.પો.કો. રાજુભાઈ સાદુભાઈ બ.નં.૨૮૮ તથા અ.હે.કો. મુળજીભાઈ ઓધારભાઈ બ.નં.૯૮ તથા એલ.આર.પો.કો. અજયસિંહ દશરથસિંહ બ.નં.૫૦૯ એ રીતેના પોલીસ માણસો સરકારી તથા ખાનગી

વાહનમાં કઠલાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનની બદીઓ નાબુદ કરવા સારૂ પ્રોહી અંગે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ફરતા ફરતા શાહપુર બસ સ્ટેશને જતા સાહેબને અંગત બાતમીદારથી બાતમી મળેલ કે નાની શાહપુર વાડીયા સીમ વિસ્તારમાં રહેતા પ્રવિણકુમાર ઉર્ફે શૈલેશ બાબુભાઈ પરમારનાઓ પોતાના ઘરની પાછળ ભારતીય બનાવટનો વિદેશી દારૂ વેચાણ કરે છે, જેવી બાતમી હકીકત મળતા નજીકમાંથી બે પંચના માણસો બોલાવવાનું જણાવતા તેઓએ પંચ (૧) રણજીતભાઈ બાબુભાઈ વાસંફોડા તથા (૨) રણજીતભાઈ ભીખાભાઈ બારૈયાનાઓને બોલાવી લાવી સદર બાતમી હકીકતથી વાકેફ કરી પંચો તથા સાથેના પોલીસ માણસો સરકારી તથા ખાનગી વાહનોમાં બેસી બાતમી હકીકતવાળી જગ્યાએ જઈ જોયેલ તો તે વખતે એક ઈસમ તેના ઘરની પાછળ એક પ્લાસ્ટીકના થેલામાં કંઈક લઈ બેઠેલ હતા. જે ઈસમ તેઓ પોલીસને જોઈ ઉતાવડા પગે ચાલવા લાગેલ, જેથી તેઓ પોલીસે સદર ઈસમને કોર્ડન કરી પકડી લીધેલ અને પંચોની રૂબરૂ સદર ઈસમનું નામઠામ પુછતાં પોતે પોતાનું નામ પ્રવિણકુમાર ઉર્ફે શૈલેશ બાબુભાઈ પરમાર હોવાનું જણાવેલ અને સદર ઈસમની અંગઝડતી કરતા તેની પાસેથી એક વાદળી કલરનો ઓપો કંપનીનો મોબાઈલ મળી આવેલ તેમજ સદર ઈસમ પાસેના પ્લાસ્ટીકનો થેલો લઈ જોતા ભારતીય બનાવટની પરપ્રાંતીય વિદેશી દારૂની અલગ-અલગ કવાર્ટરો મળી આવેલ. તેમજ કાગળના પુંઠાના ૬ બોક્સ મળી આવેલ, જે બહાર કાઢી પંચો રૂબરૂ જોતા નીચેની વિગતે મળી આવેલ હતો. (૧) ત્રણ પુંઠાના બોકસ મળી આવેલ, જે પુંઠાના બોકસ ખોલી જોતા Officers Choice Classic Whisky 180 ML કવાર્ટર એક બોક્સમાં ૪૮ નંગ લેખે ત્રણ પુંઠાના બોકસમાંના કુલ્લે ૧૪૪ નંગ મળી આવેલ હતા. જે એક કવાર્ટર નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ ૧૪૪ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂા.૧૪,૪૦૦ ગણી લીધેલ તથા (૨) બે પુંઠાના બોકસમાં જોતા Kingfisher Super Strong Premium BEER 500 ML ના કુલ ૪૮ ટીન મળી આવેલ હતા. જે એક નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ નંગ-૪૮ નંગની ટીનની કુલ્લે કિંમત રૂા.૪૮૦૦ ગણી લીધેલ તથા (૩) એક પુંઠાના બોકસમાં Magic Moments Orange

FLAVOURED Superior Vodka 750 ML ના ૧૨ નંગ મળી આવેલ હતા. જે એક બોટલ નંગની કિંમત રૂા.૫૦૦ ગણી કુલ બોટલ નંગ–૧૨ની કુલ્લે કિંમત રૂા.૬૦૦૦ ગણી લીધેલ તથા (૪) પ્લાસ્ટીકના થેલામાં Green Lable the rich blend Whisky 180 ML કવાર્ટરના કુલ ૪૮ નંગ મળી આવેલ હતા. જે એક કવાર્ટર નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ–૪૮ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂા.૪૮૦૦ ગણી લીધેલ. જેથી ઉપરોકત તમામ ભારતીય બનાવટની વિદેશી દારૂના Officers Choice Classic Whisky 180 ML કવાર્ટર એક બોકસમાં ૪૮ નંગ લેખે ત્રણ પુંઠાના બોકસમાના કુલ્લે ૧૪૪ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ ૧૪૪ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂા.૧૪૪૦૦ તથા Kingfisher Super Strong Premium BEER 500 ML ના કુલ ૪૮ ટીન જે એક નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ નંગ–૪૮ નંગની ટીનની કુલ્લે કિંમત રૂા.૪૮૦૦ તથા Magic Moments Orange FLAVOURED Superior Vodka 750 ML ના ૧૨ નંગ જે એક બોટલ નંગની કિંમત રૂા.૫૦૦ ગણી કુલ બોટલ નંગ–૧૨ની કુલ્લે કિંમત રૂા.૬૦૦૦ તથા Green Lable the rich blend Whisky 180 ML કવાર્ટરના કુલ ૪૮ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ ૪૮ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂા.૪૮૦૦ મળી કુલ્લે રૂા.૩૦,૦૦૦ નો પ્રોહી મુદ્દામાલ તેમજ એક મોબાઈલ કિંમત રૂા.૫૦૦૦ મળી કુલ્લે કિંમત રૂા.૩૫૦૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ હોય જેથી સદર ઈસમ પાસે ભારતીય બનાવટની વિદેશી દારૂના કવાર્ટરો તથા નંગ તથા બીયર ટીન પોતાના કબ્જા ભોગવટામાં રાખવા બદલનું પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહીં હોવાનું જણાવેલ હતું અને પંચોની રૂબરૂ સદર ઈસમને પ્રોહી મુદ્દામાલ કોની પાસેથી લાવેલ છે તે બાબતે પુછતાં સદર ઈસમે જણાવેલ કે સદર પ્રોહી મુદ્દામાલ અજયભાઈ ઉર્ફે ગોગો દિનેશભાઈ ભોઈ પાસેથી લાવેલાનું જણાવેલ હતું, જેથી સદરહું ઉપરોકત તમામ પ્રોહી મુદ્દામાલની અલગ–અલગ બ્રાન્ડમાંથી એક એક સેમ્પલ એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે મોકલી આપવા માટે નમુનાની અલગ–અલગ કાઢી લઈ તમામના મોંઢે લાખથી પો.ઈન્સ કઠલાલના હોદ્દાના શીલ–સિક્કા કરી સાથેના પંચોની

સહીવાળી કાપલીઓ તમામના મોઢે મુકી દોરાથી બાંધી લઈ ફરીથી ઉપર મુજબના શીલ–સિક્કા કરી લઈ ઉપરોકત તમામ પ્રોહી મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ, જે અંગેનું વિગતવારનું પંચનામું કલાક ૧૩.૦૦ થી ૧૩.૪૫ સુધીનુ કરી લેવામાં આવેલ હતુ, જેથી ઉપરોકત પ્રોહી મુદ્દામાલ આરોપી પ્રવિણકુમાર ઉર્ફે શૈલેષ બાબુભાઈ પરમારનાઓએ આરોપી અજયભાઈ દિનેશભાઈ ભોઈનાઓ પાસેથી Officers Choice Classic Whisky 180 ML કવાર્ટર એક બોકસમાં ૪૮ નંગ લેખે ત્રણ પુંઠાના બોકસમાંના કુલ્લે ૧૪૪ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ ૧૪૪ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂા.૧૪૪૦૦ તથા Kingfisher Super Strong Premium BEER 500 ML ના કુલ ૪૮ ટીન જે એક નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ નંગ–૪૮ નંગની ટીનની કુલ્લે કિંમત રૂા.૪૮૦૦ તથા Magic Moments Orange FLAVOURED Superior Vodka 750 ML ના ૧૨ નંગ જે એક બોટલ નંગની કિંમત રૂા.૫૦૦ ગણી કુલ બોટલ નંગ–૧૨ની કુલ્લે કિંમત રૂા.૬૦૦૦ તથા Green Lable the rich blend Whisky 180 ML કવાર્ટરના કુલ ૪૮ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ ૪૮ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂા.૪૮૦૦ મળી કુલ્લે રૂા.૩૦,૦૦૦ નો પ્રોહી મુદ્દામાલ તેમજ એક મોબાઈલ કિંમત રૂા.૫૦૦૦ મળી કુલ્લે કિંમત રૂા.૩૫૦૦૦/– નો મુદ્દામાલ પાસેથી લાવી આરોપી નં.૧ સ્થળ ઉપરથી મળી આવી તથા આરોપી નં.૨નાઓ નહિં મળી આવેલ હોય જેથી તેઓની ઉપરોકત બન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહી એકટ કલમ–૬૫(ઈ), ૮૧ મુજબ કાયદેસર તપાસ થવા ફરીયાદ તેઓએ આપેલી. જે અસલ ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે, જેને રજુ દાખલ આંક–૧૬ આપવામાં આવે છે. આરોપીને કોર્ટ રૂબરૂ જોયેથી ઓળખી બતાવે છે.

બચાવપક્ષે આરોપી નં.૧ તરફે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યાએ કેટલા વાગ્યે પહોંચેલા તે સમય તેઓની ફરીયાદમાં જણાવેલ નથી તથા બાતમીવાળી જગ્યાએ ખાનગી કે સરકારી વાહનમાં ગયેલ તેનો નંબર તેઓની ફરીયાદમાં જણાવેલ નથી. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે,

તેઓની ફરીયાદમાં પંચોને કોણ બોલાવવા ગયેલ તે હકીકત જણાવેલ નથી. તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, તેઓની ફરીયાદમાં ઘર કોની માલિકીનું હતું તે હકીકત જણાવેલ નથી તથા સાહેદો તેઓના પોલીસ સ્ટાફના માણસો છે તથા આ મુદ્દામા કયા રાજ્યની બનાવટનો હતો તે તેઓની ફરીયાદમાં જણાવેલ નથી. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીની અંગઝડતીમાંથી કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી.

બચાવપક્ષે આરોપી નં.૨ તરફે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, શાહપુર વિસ્તાર મોટો વિસ્તાર છે અને ત્યાં ઘણા બધા માણસો વસવાટ કરે છે તથા તેઓની ફરીયાદમાં જણાવેલ પંચો કઠલાલના સ્થાનિક પંચો છે તથા કઠલાલથી શાહપુર સીમ વિસ્તાર ચારેક કિલોમીટર જેટલું અંતર થાય તથા આરોપી નં.૨ ની તેઓની રૂબરૂમાં કોઈ અટક થયેલ નહીં તથા આરોપી નં.૨ આરોપી નં.૧ના સંપર્કમાં હોય તે બાબતેનું તેઓની ફરીયાદમાં જણાવેલ નથી તથા ફરીયાદ આપ્યા બાદ તપાસના કામે તપાસ અધિકારીશ્રીએ તેઓને તપાસ દરમ્યાન સાથે હાજર રાખેલ હોય તેવું બનેલ નહીં. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ઉપલા અધિકારીશ્રીના કહેવાથી ખોટી ફરીયાદ આપી ખોટી ફરીયાદના સમર્થનમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૭.૩)** ત્યારબાદ ફરીયાદપક્ષે ત.ક.અમલદાર અહેડકો દિલીપસિંહ મહોતસિંહને આંક-૨૪ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તા.૦૪-૧૨-૨૦૨૩ના રોજ તેઓ અપોકો તરીકે કઠલાલ પોલીસ સ્ટેશનમાં તેઓની ફરજ ઉપર હાજર હતા. તે વખતે તેઓ તથા અ.હેડ.કો દિલીપસિંહ મહોતસિંહ બ.નં.૧૦૪૬ તથા અ.પો.કો. અલ્પેશભાઈ સોમાભાઈ બ.નં.૧૧૨૮ તથા અ.પો.કો. રાજુભાઈ સાદુભાઈ બ.નં.૨૮૮ તથા અ.હે.કો. મુળજીભાઈ ઓધારભાઈ બ.નં.૯૮ તથા એલ.આર.પો.કો. અજયસિંહ દશરથસિંહ બ.નં.૫૦૯ એ રીતેના પોલીસ માણસો સરકારી તથા ખાનગી વાહનમાં કઠલાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનની બદીઓ નાબુદ કરવા સારૂ પ્રોહી અંગે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ફરતા ફરતા શાહપુર બસ સ્ટેશને જતા સાહેબને અંગત બાતમીદારથી બાતમી મળેલ કે નાની શાહપુર

વાડીયા સીમ વિસ્તારમાં રહેતા પ્રવિણકુમાર ઉર્ફે શૈલેશ બાબુભાઈ પરમારનાઓ પોતાના ઘરની પાછળ ભારતીય બનાવટનો વિદેશી દારૂ વેચાણ કરે છે, જેવી બાતમી હકીકત મળતા નજીકમાંથી બે પંચના માણસો બોલાવવાનું જણાવતા તેઓએ પંચ (૧) રણજીતભાઈ બાબુભાઈ વાસંફોડા તથા (૨) રણજીતભાઈ ભીખાભાઈ બારૈયાનાઓને બોલાવી લાવી સદર બાતમી હકીકતથી વાકેફ કરી પંચો તથા સાથેના પોલીસ માણસો સરકારી તથા ખાનગી વાહનોમાં બેસી બાતમી હકીકતવાળી જગ્યાએ જઈ જોયેલ તો તે વખતે એક ઈસમ તેના ઘરની પાછળ એક પ્લાસ્ટીકના થેલામાં કંઈક લઈ બેઠેલ હતા. જે ઈસમ તેઓ પોલીસને જોઈ ઉતાવડા પગે ચાલવા લાગેલ, જેથી તેઓ પોલીસે સદર ઈસમને કોર્ડન કરી પકડી લીધેલ અને પંચોની રૂબરૂ સદર ઈસમનું નામઠામ પુછતાં પોતે પોતાનું નામ પ્રવિણકુમાર ઉર્ફે શૈલેશ બાબુભાઈ પરમાર હોવાનું જણાવેલ અને સદર ઈસમની અંગઝડતી કરતા તેની પાસેથી એક વાદળી કલરનો ઓપો કંપનીનો મોબાઈલ મળી આવેલ તેમજ સદર ઈસમ પાસેના પ્લાસ્ટીકનો થેલો લઈ જોતા ભારતીય બનાવટની પરપ્રાંતીય વિદેશી દારૂની અલગ-અલગ કવાર્ટરો મળી આવેલ. તેમજ કાગળના પુંઠાના ૬ બોક્સ મળી આવેલ, જે બહાર કાઢી પંચો રૂબરૂ જોતા નીચેની વિગતે મળી આવેલ હતો. (૧) ત્રણ પુંઠાના બોકસ મળી આવેલ, જે પુંઠાના બોકસ ખોલી જોતા Officers Choice Classic Whisky 180 ML કવાર્ટર એક બોક્સમાં ૪૮ નંગ લેખે ત્રણ પુંઠાના બોકસમાંના કુલ્લે ૧૪૪ નંગ મળી આવેલ હતા. જે એક કવાર્ટર નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ ૧૪૪ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂા.૧૪,૪૦૦ ગણી લીધેલ તથા (૨) બે પુંઠાના બોકસમાં જોતા Kingfisher Super Strong Premium BEER 500 ML ના કુલ ૪૮ ટીન મળી આવેલ હતા. જે એક નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ નંગ-૪૮ નંગની ટીનની કુલ્લે કિંમત રૂા.૪૮૦૦ ગણી લીધેલ તથા (૩) એક પુંઠાના બોકસમાં Magic Moments Orange FLAVOURED Superior Vodka 750 ML ના ૧૨ નંગ મળી આવેલ હતા. જે એક બોટલ નંગની કિંમત રૂા.૫૦૦ ગણી કુલ બોટલ નંગ-૧૨ની કુલ્લે કિંમત રૂા.૬૦૦૦ ગણી લીધેલ તથા (૪) પ્લાસ્ટીકના થેલામાં Green

Lable the rich blend Whisky 180 ML કવાર્ટરના કુલ ૪૮ નંગ મળી આવેલ હતા. જે એક કવાર્ટર નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ–૪૮ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂા.૪૮૦૦ ગણી લીધેલ. જેથી ઉપરોકત તમામ ભારતીય બનાવટની વિદેશી દારૂના Officers Choice Classic Whisky 180 ML કવાર્ટર એક બોકસમાં ૪૮ નંગ લેખે ત્રણ પુંઠાના બોકસમાના કુલ્લે ૧૪૪ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ ૧૪૪ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂા.૧૪૪૦૦ તથા Kingfisher Super Strong Premium BEER 500 ML ના કુલ ૪૮ ટીન જે એક નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ નંગ–૪૮ નંગની ટીનની કુલ્લે કિંમત રૂા.૪૮૦૦ તથા Magic Moments Orange FLAVOURED Superior Vodka 750 ML ના ૧૨ નંગ જે એક બોટલ નંગની કિંમત રૂા.૫૦૦ ગણી કુલ બોટલ નંગ–૧૨ની કુલ્લે કિંમત રૂા.૬૦૦૦ તથા Green Lable the rich blend Whisky 180 ML કવાર્ટરના કુલ ૪૮ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂા.૧૦૦ ગણી કુલ ૪૮ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂા.૪૮૦૦ મળી કુલ્લે રૂા.૩૦,૦૦૦ નો પ્રોહી મુદ્દામાલ તેમજ એક મોબાઈલ કિંમત રૂા.૫૦૦૦ મળી કુલ્લે કિંમત રૂા.૩૫૦૦૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ હોય જેથી સદર ઈસમ પાસે ભારતીય બનાવટની વિદેશી દારૂના કવાર્ટરો તથા નંગ તથા બીયર ટીન પોતાના કબ્જા ભોગવટામાં રાખવા બદલનું પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહીં હોવાનું જણાવેલ હતું અને પંચોની રૂબરૂ સદર ઈસમને પ્રોહી મુદ્દામાલ કોની પાસેથી લાવેલ છે તે બાબતે પુછતાં સદર ઈસમે જણાવેલ કે સદર પ્રોહી મુદ્દામાલ અજયભાઈ ઉર્ફે ગોગો દિનેશભાઈ ભોઈ પાસેથી લાવેલાનું જણાવેલ હતું, જેથી સદરહું ઉપરોકત તમામ પ્રોહી મુદ્દામાલની અલગ–અલગ બ્રાન્ડમાંથી એક એક સેમ્પલ એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે મોકલી આપવા માટે નમુનાની અલગ–અલગ કાઢી લઈ તમામના મોંઢે લાખથી પો.ઈન્સ કઠલાલના હોદ્દાના શીલ–સિક્કા કરી સાથેના પંચોની સહીવાળી કાપલીઓ તમામના મોંઢે મુકી દોરાથી બાંધી લઈ ફરીથી ઉપર મુજબના શીલ–સિક્કા કરી લઈ ઉપરોકત તમામ પ્રોહી મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ, જે અંગેનું વિગતવારનું પંચનામું કલાક ૧૩.૦૦ થી

૧૩.૪૫ સુધીનુ કરી લેવામાં આવેલ હતુ, જેથી ઉપરોકત પ્રોહી મુદ્દામાલ આરોપી પ્રવિણકુમાર ઉર્ફે શૈલેષ બાબુભાઈ પરમારનાઓએ આરોપી અજયભાઈ દિનેશભાઈ ભોઈનાઓ પાસેથી Officers Choice Classic Whisky 180 ML કવાર્ટર એક બોકસમાં ૪૮ નંગ લેખે ત્રણ પુંઠાના બોકસમાંના કુલ્લે ૧૪૪ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂ.૧૦૦ ગણી કુલ ૧૪૪ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂ.૧૪૪૦૦ તથા Kingfisher Super Strong Premium BEER 500 ML ના કુલ ૪૮ ટીન જે એક નંગની કિંમત રૂ.૧૦૦ ગણી કુલ નંગ–૪૮ નંગની ટીનની કુલ્લે કિંમત રૂ.૪૮૦૦ તથા Magic Moments Orange FLAVOURED Superior Vodka 750 ML ના ૧૨ નંગ જે એક બોટલ નંગની કિંમત રૂ.૫૦૦ ગણી કુલ બોટલ નંગ–૧૨ની કુલ્લે કિંમત રૂ.૬૦૦૦ તથા Green Lable the rich blend Whisky 180 ML કવાર્ટરના કુલ ૪૮ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂ.૧૦૦ ગણી કુલ ૪૮ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂ.૪૮૦૦ મળી કુલ્લે રૂ.૩૦,૦૦૦ નો પ્રોહી મુદ્દામાલ તેમજ એક મોબાઈલ કિંમત રૂ.૫૦૦૦ મળી કુલ્લે કિંમત રૂ.૩૫૦૦૦/– નો મુદ્દામાલ પાસેથી લાવી આરોપી નં.૧ સ્થળ ઉપરથી મળી આવી તથા આરોપી નં.૨નાઓ નહિં મળી આવેલ હોય જેથી તેઓની ઉપરોકત બન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહી એકટ કલમ–૬૫(ઈ), ૮૧ મુજબ કાયદેસર તપાસ થવા ફરીયાદ પી.આઈ. શ્રી કે. ડી. ભીમાણીનાઓએ રૂબરૂ આપેલી. સદરહું ગુન્હાના કામે તેઓએ લાગતાવળગતા સાહેદોના નિવેદનો લીધેલા. કબજે લીધેલ મુદ્દામાલમાંથી પૃથ્થકરણ કરવા સારૂ પ્રાદેશીક ન્યાય સહાયક શાળામાં મોકલી આપેલ અને તેનો પૃથ્થકરણ અહેવાલ મેળવી આ કામે રજુ રાખેલ છે, જેમાં સાયન્ટીક ઓફીસરશ્રીની સહી છે, જેને રજુ દાખલ આંક–૨૫ આપવામાં આવે છે. આરોપીની મિલકતમાંથી જે મુદ્દામાલ મળી આવેલ તેનું મધ્ય ગુજરાત વીજ કંપની લિમીટેડનું બીલ મેળવી આ કામે રજુ રાખેલ. જે આજરોજ રજુ કરુ છું, જેને રજુ દાખલ આંક–૨૬ આપવામાં આવે છે. આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં કોર્ટ કસ્ટડીમાં રહેવા સારૂ મોકલી આપેલ. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય સદરહું

ગુન્હાનું ચાર્જશીટ કરેલ. આરોપીને ઓળખે છે, જે આજરોજ કોર્ટમાં હાજર છે તેજ છે.

બચાવપક્ષે આરોપી નં.૧ તરફે આરોપી નં.૨ તરફે ટ્રાન્સફરી વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે કે, તેમાં તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યાએ કેટલા વાગ્યે પહોંચેલા તે સમય ફરીયાદીએ તેની ફરીયાદમાં જણાવેલ નથી એવું તેઓની તપાસમાં ખુલેલું તથા બાતમીવાળી જગ્યાએ ખાનગી કે સરકારી વાહનમાં ગયેલ તેનો નંબર ફરીયાદીએ તેની ફરીયાદમાં જણાવેલ નથી એવું તેઓની તપાસમાં ખુલેલ. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓની ફરીયાદમાં પંચોને કોણ બોલાવવા ગયેલ તે હકીકત જણાવેલ નથી. તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, સાહેદો તેઓના પોલીસ સ્ટાફના માણસો છે તથા આ મુદ્દામાલ કયા રાજયની બનાવટનો હતો તે ફરીયાદીએ તેની ફરીયાદમાં જણાવેલ નથી એવું તેઓની તપાસમાં ખુલેલ. તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીની અંગઝડતીમાંથી કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી. તેઓ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, શાહપુર વિસ્તાર મોટો વિસ્તાર છે અને ત્યાં ઘણા બધા માણસો વસવાટ કરે છે તથા કઠલાલથી શાહપુર સીમ વિસ્તાર ચારેક કિલોમીટર જેટલું અંતર થાય તથા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નહીં. તેઓ એ હકીકતોનો ઈન્કાર કરે છે કે, ઉપલા અધિકારીશ્રીના કહેવાથી ખોટી ફરીયાદને આધારે ખોટી તપાસ કરી આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો પડતો ન હોય ખોટું ચાર્જશીટ કરેલ છે તતા ફરીયાદી તેઓના સ્ટાફના હોય ખોટી ફરીયાદના સમર્થનમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૭.૪)** આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામમાં એ હકીકતની નોંધ લેવી ઘટે કે, આ કામે આંક-૧૮ અને આંક-૨૦ થી તપાસવામાં આવેલા પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી, તેથી આ સંજોગોમાં પંચનામું યોગ્ય રીતે પુરવાર કરવામાં આવેલ નથી તેમજ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેમજ આરોપીઓને અટક કરવામાં આવેલ હોય તે હકીકતને પંચ સાહેદોએ સમર્થન આપેલ નથી.

આમ, સદરહું પંચ સાહેદોના પુરાવાથી આંક–૧૯ના પંચનામાની હકીકતો રેકર્ડ પર પુરવાર થતી નથી. વધુમાં જે મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે તે મુદ્દામાલ પ્રતિબંધીત બિયર હતી કે કેમ ? તે પૃથ્થકરણ માટે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ, પરંતુ આજદિન સુધી તેનો કોઈ પૃથ્થકરણ રીપોર્ટ આ કામે પરત આવેલ નથી. તેમજ જો આ કામે માની લેવામાં આવે કે, તે પૃથ્થકરણ રીપોર્ટ પરત આવેલ હોય અને તેના અહેવાલમાં મળી આવેલ પ્રવાહી પ્રતિબંધીત વિદેશી દારૂ તથા બિયર હતી અને તે હકીકત પુરાવામાં પુરવાર માની લેવામાં આવે તો પણ આ કામે જયારે પંચો તેઓની હાજરીમાં આરોપી પાસેથી મુદ્દામાલ કબ્જે કર્યાની હકીકતને સમર્થન આપતા ન હોય તેમજ તે પ્રતિબંધીત પ્રવાહી આરોપીઓના કબ્જામાંથી મળી આવેલ હોય તેવું પુરવાર થતું ન હોય તેવા સંજોગોમાં પૃથ્થકરણ રીપોર્ટ પોઝીટીવ આવેલ હોવા છતાં અને પુરાવા ઉપર રેકર્ડ ઉપર આવેલ હોવાનું માની લેવા છતાં જયારે બીજો કોઈ પુરાવો આરોપીઓ વિરૂધ્ધ આવતો ન હોય ત્યારે આરોપીને ફકત તે એફ.એસ.એલ.ના પૃથ્થકરણ રીપોર્ટ પોઝીટીવ હોવાના કારણે તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**(૭.૫)** આમ, ફરીયાદપક્ષે રજુ રાખેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા જે જગ્યાએ રેડ કરેલી તે જગ્યા આરોપીની હોવા બાબતનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરીયાદપક્ષના પુરાવા પરથી સાબિત થતું નથી. આરોપીના કબ્જામાંથી પ્રતિબંધીત પ્રવાહી વિદેશી દારૂ તથા બિયર મળી આવેલ હોય તે બાબત પુરવાર થતી નથી. ત.ક.અમલદારનાઓએ આ તપાસના કામે પોલીસ સાહેદ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી કે નિવેદનો શા માટે લીધેલા નથી તે અંગે કોઈ વ્યાજબી કારણ પણ આપેલ નથી. તેમજ આ કામે પોલીસ સાહેદોએ સ્વાભાવિક રીતે ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની આપેલ છે, પરંતુ તેમની જુબાનીને આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી. તેમજ આ સ્વતંત્ર પંચ સાહેદની જુબાનીમાં તેઓની હાજરીમાં પંચનામાની વિગતે કોઈ મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ હોય તેવું

જણાવેલ નથી. તેમજ પંચો સાહેદનો પુરાવો પોલીસ સાહેદના પુરાવાથી તદ્દન વિરૂધ્ધનો જણાઈ આવે છે. તેમજ આ કામે **નામદાર ગુજરાત હાઈકોર્ટનો ક્રિમીનલ અપીલ નં.૯૪૭/૧૯૯૩ના કામે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ. પટેલના કેસનો ચુકાદો કે જે જી.એચ.જે.૨૦૧૧ ભાગ ૨૬ પેજ નં.૧** ઉપર રીપોર્ટેડ થયેલ છે ચુકાદો ધ્યાને લીધો. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, જો મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદના હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશનના કેસ Beyond Reasonable Doubt પુરવાર થઈ શકે નહીં. આથી નામદાર હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો ચુકાદો યોગ્ય હોવાનું ઠરાવેલ. જે નામદાર હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લેતા તેમજ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના પણ ફરીયાદપક્ષના કેસના સમર્થનકારક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં સ્પષ્ટપણે સફળ થયેલ નથી. ત્યારે આવા સંજોગોમાં પોલીસ સાહેદની જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં. તેમજ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના પણ ફરીયાદપક્ષના કેસના સમર્થનકારક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરાવાર કરવામાં સ્પષ્ટપણે સફળ થયેલ નથી.

**(૭.૬)** વધુમાં, કેસનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, પંચ સાહેદ સિવાયના સાહેદ પોલીસ સ્ટાફના માણસ છે. આ કેસના પોલીસ સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ માત્ર મહદઅંશે ફરીયાદીની જુબાનીને સમર્થન આપેલ છે, પરંતુ તેમની જુબાનીને આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદની જુબાનીથી સમર્થન મળતું નથી તેમજ આ સ્વતંત્ર પંચ સાહેદની જુબાનીમાં તેઓની હાજરીમાં આરોપીઓએ શાહપુર વાડીયા સીમ વિસ્તારમાંથી કોઈ મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ હોય તેવું જણાવેલ નથી તેમજ સદર મુદ્દામાલ કોની માલિકીનો છે તે અંગે તપાસ કરનાર અધિકારીએ કોઈ તપાસ કરેલ નથી તેમજ બનાવ સમયે હાલના જ આરોપીઓ મળી આવેલ મુદ્દામાલ આરોપીઓના કબ્જામાંથી મળી આવેલ હોય તે અંગે કોઈ તપાસ કરેલ નથી, જેથી તે પુરવાર થતું નથી. આમ, ફરીયાદપક્ષે રજુ રાખેલ

સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીઓના કબ્જામાંથી વિદેશી બિયર મળી આવેલ હોય તે બાબત પુરવાર થતી નથી. તેમજ આ કામે બનાવવાળી જગ્યા અને ગુન્હો બન્યાનો સમય ધ્યાને લેતા ગુનાવાળી જગ્યા જાહેર વિસ્તારમાં હોય ત્યાં માણસોની હાજરી હોવાની શક્યતા સ્વાભાવિક જણાતી હોવા છતાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી કે નિવેદનો શા માટે લીધેલા નથી તે અંગે કોઈ વ્યાજબી કારણ પણ આપેલ નથી તેમજ આ કામે પોલીસ સાહેદોએ સ્વાભાવિક રીતે ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની આપેલ છે, પરંતુ આ કામે પોલીસ સાહેદોએ સ્વાભાવિક રીતે ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની આપેલ છે, પરંતુ આ કામે ગુનાહિત મુદ્દામાલની રીકવરી પુરવાર થતી નથી. તેમજ વિદેશી દારૂ તથા બિયર છે તે અંગે કોઈ અધિકૃત વ્યક્તિના નિવેદન નોંધેલ ન હોવાનું તથા વિદેશી દારૂ તથા બિયર અંગે ખાત્રી કરાવેલ ન હોવાનું જણાઈ આવે છે તેવા સંજોગોમાં કબ્જે કરેલ મુદ્દામાલ વિદેશી બિયર હતુ કે કેમ તે બાબત પુરવાર થતી નથી. આ કામે જે પોલીસ સાહેદોની જુબાની જોવામાં આવે તો તેમના મુજબ આ કામે જપ્ત કરેલ મુદ્દામાલ વિદેશી દારૂ તથા બિયર શાહપુર વાડીયા સીમ વિસ્તારમાંથી  પકડવામાં આવેલ હતો પણ પંચનામું જોવામાં આવે તો તે જાહેર જગ્યામાંથી કબ્જે કરવામાં આવેલ હતો તે આ કામે પંચો હોસ્ટાઈલ થવાના કારણે પંચનામું પુરવાર થતું નથી, જયાં સુધી આરોપીના કબ્જામાંથી વિદેશી દારૂ તથા બિયર મળેલાનું પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીને શંકાનો લાભ મળી શકે. હાલના કેસમાં દલીલ ખાતર એકવાર કહેવાનું ઉપરોકત પંચનામું સાબિતી થયેલું માની પણ લઈએ તો પણ જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલ છે તે વાહન આરોપીની માલિકી કે કબજા ભોગવટાનું હોય તેવું બતાવતો કોઈ જ પુરાવો આ કામે રજુ નથી. આમ, વાંધાજનક મુદ્દામાલનો આરોપીઓનો કબ્જો હોય તેવું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરી શકેલ નથી. આ કામે અન્ય કોઈ આજુબાજુવાળાના જવાબ પણ લીધેલ નથી, જેથી આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા, જયારે આ કામના એકમાત્ર સ્વતંત્ર સાહેદો જ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન આપતા ન હોય, અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ ન

હોય, આરોપીના સભાન કબ્જામાંથી કહેવાતો બિયરનો મુદ્દામાલ કબ્જે કરેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય તેમજ અન્ય કોઈ સ્વતંત્ર સાહેદો પણ ફરીયાદપક્ષના કેસના સમર્થનકારક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં સ્પષ્ટપણે સફળ થયેલ નથી અને તેથી બેનીફીટ ઓફ ડાઉટ કાયદાના પ્રબંધો જોતા જયારે ફરીયાદપક્ષ પોતાના સાક્ષી પુરાવાથી કેસની ખરી અને યોગ્ય હકીકતો સાબિત કરવામાં સફળ ન રહે તો શંકાનો લાભ આરોપીને આપવાનું યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય છે.

**(૭.૭)** આમ, ઉપરોકત ચર્ચા કરેલા તમામ કારણો ધ્યાને લેતા, કોલમ નં.૧માં જણાવેલ આરોપી નં.૧ આરોપી નં.૨નાઓ પાસેથી ગઈ તા.૦૪–૧૨–૨૦૨૩ના કલાક ૧૩/૦૦ વાગ્યાના સુમારે મોજે શાહપુર વાડીયા સીમ વિસ્તારમાં આરોપી નં.૧નાઓના ઘરના પાછળના ભાગે Officers Choice Classic Whisky 180 ML કવાર્ટર એક બોકસમાં ૪૮ નંગ લેખે ત્રણ પુઠાના બોકસમાના કુલ્લે ૧૪૪ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂ.૧૦૦/– ગણી કુલ ૧૪૪ કવાર્ટર નંગની કુલ્લે કિમત રૂ.૧૪,૪૦૦/– તથા Kingfisher Super Strong Premium BEER 500 ML ના કુલ ૪૮ ટીન જે એક નંગની કિંમત રૂ.૧૦૦/– ગણી કુલ નંગ–૪૮ નંગની ટીનની કુલ્લે કિંમત રૂ.૪૮૦૦/– તથા Magic Moments Orange FLAVOURED Superior Vodka 750 ML ના ૧૨ નંગ જે એક બોટલ નંગની કિંમત રૂ.૫૦૦/– ગણી કુલ બોટલ નંગ–૧૨ નંગની કુલ્લે કિંમત રૂ.૬૦૦૦/– તથા Green Lable the rich blend Whisky 180 ML કવાર્ટરના કુલ ૪૮ નંગ જે એક કવાર્ટર નંગની કિંમત રૂ.૧૦૦/– ગણી કુલ ૪૮ કવાર્ટર નંગની કુલ્લે કિંમત રૂ.૪૮૦૦/– મળી કુલ્લે કિંમત રૂ.૩૦,૦૦૦/– નો પ્રોહી મુદ્દામાલ તેમજ એક મોબાઈલ કિંમત રૂ.૫૦૦૦/– મળી કુલ્લે કિંમત રૂ.૩૫૦૦૦/– નો મુદ્દામાલ સંતાડી રાખી આરોપી નં.૧ સ્થળ ઉપરથી મળી આવી તથા આરોપી નં.૨નાઓ નહિં મળી આવી તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરી પ્રોહી એકટની કલમ–૬૫ઈ, ૮૧ મુજબ શિક્ષાપાત્ર મુજબનો ગુન્હો કરેલ હોય તેવી

હકીકત નિઃશંક પૂર્ણ સાબિત કરવામાં આવેલ નથી. આમ, તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે આ કામના આરોપીને હાલના ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષ આ કામે મુદ્દા નં.૧ શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં.૧નો નિર્ણય "નકાર"માં આપી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## આખરી હુકમ

**(૧) આ કામના આરોપી નં.(૧) પ્રવિણકુમાર ઉર્ફે શૈલેશ બાબુભાઈ પરમાર રહે.નાની શાહપુર વાડીયા સીમ વિસ્તાર, તા.કઠલાલ, જી.ખેડા અને આરોપી નં.(૨) અજયકુમાર ઉર્ફે ગોગો દિનેશભાઈ ભોઈ રહે.કઠલાલ બોરડી વિસ્તાર, તા.કઠલાલ, જી.ખેડાનાઓને સી.આર.પી.સી.ની કલમ–૨૫૫(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

**(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.**

**(૩) આ કામના આરોપીએ સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલતમાં અપીલ કે પીટીશન થયેથી, જે–તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીના જામીન અપીલ સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજરોજ તા.૨૭મી માહે–મે, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**કઠલાલ.**
**તા.૨૭/૦૫/૨૦૨૬**

**(આદિલખાન લીયાકતખાન પઠાણ)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કઠલાલ**
**U.I.C.NO.GJ01684**

જયુડી.મેજી.ફ.ક.
કઠલાલ